# વરસાદી માહોલમાં લીલી મગફળીનું આગમન

## લીલી મગફળી ખાવાના ફાયદા પણ અનેક છે

ગાંધીનગર, તા. ૨૮

શહેરમાં વરસાદી માહોલ છવાયો છે, વાદળોની અવરજવર થઈ રહી છે, મોરલા ટહુકી રહ્યા છે, શહેરીજનો પણ વરસાદી માહોલમાં ગરમા ગરમ નાસ્તો કરવા માટે શહેરની વિવિધ દુકાનો અને લારીઓ પર જોવા મળી રહ્યા છે. તેવામાં ચોમાસાની મનપસંદ લીલી મગફળીનો પણ સમાવેશ થાય છે. શહેરમાં ફૂટપાથ પર રહેતી લારીઓમાં લીલી લીલી મગફળીનું વેચાણ શરૂ થઈ ચૂક્યુ છે. વરસાદી મોસમમાં લીલી મગફળી ખાવાની મજા જ કંઈક અલગ છે. જેમ પ્રથમ વરસાદમાં ભીની માટીની સુગંધ સૌને પ્રિય છે તેમ આ લીલી મગફળીની સ્મેલ પણ સૌને પ્રિય છે. લીલી મગફળીને જ્યારે ગરમા ગરમ તવામાં સેકવામાં આવે છે ત્યારે તેમાં ચોંટેલી માટી ગરમ થઈને છૂટી પડે છે પરંતુ આ સુગંધ લાજવાબ હોય છે. આ મગફળી ખાવાની અસલી મજા તો વરસાદી માહોલમાં જ આવે છે, પરંતુ હવે તો લોકો મન થાય ત્યારે મગફળીને બાફીને તેને ગરમા ગરમ સેકીને ગમે ત્યારે આરોગતા થયા છે. પરંતુ તેના જે મજા વરસાદના દિવસોમાં છે તે અલગ જ છે. લારીઓમાં હાલમાં લીલી મગફળીનું વેચાણ જોવા મળી રહ્યું છે. શહેરીજનો પણ લીલી મગફળીનો આનંદ ઉઠાવી રહ્યા છે. લીલી મગફળીનો સ્વાદ ખૂબ જ સ્વાદિષ્ટ લાગે છે. નાના બાળકોથી લઈ તમામ વયજૂથના માણસોને તેનો સ્વાદ પ્રિય લાગે તેવો હોય છે. આ લીલી મગફળી ખાવાના અઢળક લાભ પણ છે. તે શરીરમાં કોલેસ્ટ્રોલની માત્રા સંતુલિત રાખે છે. બાળકોને લીલી મગફળી ખાવાથી યાદશક્તિમાં વધારો થાય છે. રક્ત સર્ક્યુલેશનને નિયમિત કરે છે અને હૃદયની બિમારીથી છુટકારો મેળવવામાં મદદ કરે છે. સ્નાયુઓને પણ મજબૂત કરે છે. મગફળીના સેવનથી શરીરમાં શુગરની માત્રા નિયંત્રિત રહે છે. મગફળીમાં વિટામીન બીઉની માત્રા વધારે હોય છે જે મગજને સક્રીય રાખવામાં મદદ કરે છે. મગફળીમાં એન્ટી ઓક્સીડેન્ટસ સારી માત્રામાં હોય છે જે શરીરની પ્રતિરોધક ક્ષમતા વધારે છે અને રોગ સામે લડવામાં શરીરને મદદ કરે છે. મગફળી ગેસ અને એસિડિટીની સમસ્યા પણ દૂર કરે છે.





## ગુજરાત સ્ટેટ કો ઓપરેટીવ એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેંક (ખેતી બેંક) ની ૭૦ મી સાધારણ સભાની વિડિયો કોન્ફરન્સ અમિત શાહની ઉપસ્થિતિમાં યોજાઈ

ગાંધીનગર, તા. ૨૮

કેન્દ્રિય ગૃહ તેમજ સહકાર મંત્રી અમિતભાઈ શાહે ભાજપા પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલની વિશેષ ઉપસ્થિતિમાં ગુજરાત સ્ટેટ કો ઓપરેટીવ એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેંક (ખેતી બેંક)ની ૭૦ મી સાધારણ સભાને વિડિયો કોન્ફરન્સના માધ્યમથી સંબોધિત કરી હતી.

અમિતભાઈ શાહે આ પ્રસંગે ખેતી બેંકના સભાસદો અને ખાતેદારોને મળીને આનંદની લાગણી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે દેશ જયારે આઝાદીનો અમૃત મહોત્સવ મનાવી રહ્યો છે ત્યારે ૨૫ વર્ષ પછી શતાબ્દી મહોત્સવના સમયે દેશ ક્યાં હશે તે લક્ષ્ય સાથે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ 'સહકાર સે સમૃદ્ધિ' નો સંકલ્પ સમગ્ર દેશ સમક્ષ રાખ્યો છે. દેશની આર્થિક ઉન્નતિ અને સમૃદ્ધિમાં યોગદાનની જવાબદારી સહકારી ક્ષેત્રને સોંપી છે. તેઓએ ૭૦ વર્ષ પૂર્ણ કરી ૭૧ માં વર્ષમાં પ્રવેશ પ્રસંગે ખેતી બેંકના તમામ સભાસદો, ખેડૂતો, ખાતેદારો અને સહકારી આગેવાનોને શુભકામનાઓ અને અભિનંદન પાઠવ્યા હતા.

અમિત શાહે કહ્યું હતું કે ૧૯૫૧ માં ખેતી બેંકની સ્થાપનાનું ઐતિહાસિક મહત્વ રહેલું છે. તે સમયે સૌરાષ્ટ્રમાં નાના મોટા ૨૨૨ રજવાડાઓ હતા અને બધી જમીનની માલિકી રાજાઓની હતી. ખેડૂતો રાજા વતી ખેતી કરીને ગુજરાન ચલાવતા હતા. ત્યારબાદ સરદાર વલ્લભભાઈ પટેલના પ્રયત્નોના પરિણામે રજવાડાઓનું વિલીનીકરણ થયું અને ભારતીય સંઘ અસ્તિત્વમાં આવ્યો. આ વખતે જમીનો માટે ખેડૂતો પાસે નાની - મોટી રકમ ચૂકવવા પૈસા ન હતા. એ સમયે પોરબંદરના યુવરાજ ઉદયભાણસિંહ આગળ આવ્યા અને સરદાર ની પ્રેરણાથી સૌરાષ્ટ્ર લેન્ડ મોર્ગેજ બેંકની સ્થાપના કરી લોન આપી ૫૬ હજાર જેટલા ખેડૂતોને જમીનોના માલિક બનાવ્યા. સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતના ખેડૂતો જમીનોના માલિક બન્યા તેનો સમગ્ર શ્રેય ખેતી બેંકને જાય છે. ખેતી બેંક આ ઉપરાંત જમીન સમતલ કરવી, સિંચાઈની સગવડતા, કૂવા બનાવવા, ખેતી માટેના સાધનો જેવી અનેકવિધ પ્રવૃત્તિઓ દ્વારા ખેતી અને ખેડૂતોને મજબૂત બનાવવાની કાર્ય કર્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં બેંકીંગ ક્ષેત્રમાં અનેક સુધારાઓ કરવામાં આવ્યા છે. ૪૫ કરોડ નવા જન ધન ખાતા, ૩૨ કરોડ રૂપે ડેબિટ કાર્ડ અને યુ.પી.આઇ. ડિજિટલ ટ્રાન્જેકશન દ્વારા બેકિંગ સેવાઓનો લાભ દેશના પ્રત્યેક નાગરિકને આંગળીનાં ટેરવે મળી રહ્યો છે. GeM ડીબીટીના માધ્યમથી કેન્દ્ર સરકારના ૫૨ મંત્રાલયો ૩૦૦ જેટલી યોજનાઓનો લાભ લોકો સુધી પહોંચાડી રહ્યા છે. આ ક્ષેત્રમાં ખૂબ ટુંકા સમયમાં સહકારી ક્ષેત્રને પણ પ્રવેશ મળશે તેવો ભરોસો શાહે આપ્યો હતો. ખેતી બેંક ડોલરભાઈ કોટેચાના નેતૃત્વમાં મજબૂત ઈમારત બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. તેઓએ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના 'સહકાર સે સમૃદ્ધિ' સંકલ્પને સિદ્ધ કરવા સાથે મળીને સામૂહિક પ્રયત્નો માટે આહવાન કર્યું હતું.

આ કાર્યક્રમમાં રાજ્યના મંત્રી જગદીશભાઈ વિશ્વકર્મા, પ્રદેશ ઉપાધ્યક્ષ ભરતભાઈ બોઘરા, જયંતીભાઈ કવાડીયા, પ્રદેશ ભાજપા મહામંત્રી ઓ રજનીભાઈ પટેલ, વિનોદભાઈ ચાવડા, પ્રદીપસિંહ વાઘેલા, બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી, ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, જીએસી બેંકના ચેરમેનશ્રી અજયભાઈ પટેલ, પ્રદેશ ભાજપ સહકારી સેલના સંયોજક બીપીનભાઈ પટેલ, ખેતી બેંકના ચેરમેનશ્રી ડોલરભાઈ કોટેચા સહિત ડિરેકટરઓ, સભાસદો, ખાતેદારો અને સહકારી ક્ષેત્રના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ

ગાંધીનગર, તા. ૨૮

આજે ગાંધીનગર પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે બનાસકાંઠા જીલ્લાના આગેવાન સ્વરૂપભાઇ રાણા તેમજ બનાસકાંઠા જિલ્લાના કોંગ્રેસના આગેવાનો પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલના વરદ હસ્તે ખેસ અને ટોપી ધારણ કરી ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા હતા. ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને દેશના ગૃહમંત્રી અમિતભાઈ શાહની વિકાસની રાજનીતીથી પ્રેરાઈ અને દેશની જનતાના સેવાકીય કાર્ય કરવા જુદી-જુદી રાજકીય પાર્ટીના કાર્યકરો અને સામાજીક આગેવાનો ભાજપમાં જોડાય રહ્યા છે ત્યારે આજે તારીખ ૨૮ જૂલાઈના રોજ બનાસકાંઠા જિલ્લાના કોંગ્રેસના અગ્રણી કાર્યકરો મોટી સંખ્યામાં ગાંધીનગર પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે પેજ સમિતિના પ્રણેતા એવા યશસ્વી પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલના વરદ હસ્તે ખેસ અને ટોપી ધારણ કરી ભાજપમાં જોડાયા છે જેમાં બનાસકાંઠના આગેવાન સ્વરૂપભાઈ રાણા, પુર્વ જિલ્લા પંચાયતના સભ્યશ્રીઓ પૂષ્પાબેન માજીરાણા, ભરતકુમાર રાણા, યુથ કોંગ્રેસના ઉપપ્રમુખશ્રીઓ સહિતના કાર્યકરો આજે વિધિવત રીતે ભાજપમાં જોડાયા છે. આ કાર્યક્રમમાં પ્રદેશ મહામંત્રીઓ રજનીભાઈ પટેલ, પ્રદિપસિંહ વાઘેલા, પ્રદેશના પ્રવકતા યમલભાઈ વ્યાસ, પ્રદેશના સહપ્રવકતા ડો.રૂત્વીજ પટેલ, પ્રદેશના ઉપાધ્યક્ષ નંદાજી ઠાકોર, પ્રદેશ યુવા મોરચાના પ્રમુખ ડો.પ્રશાંત કોરાટ, અનુસુચિત જાતિ મોરચાના પ્રદેશના પ્રમુખશ્રી હર્ષદભાઈ વસાવા, બનાસકાંઠા જિલ્લાના પ્રમુખ ગુમાનસિંહ ચૌહાણ સહિતના આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## ગાંધીનગર વોર્ડ નં ૨ ના કોર્પોરેટરોનો વિકાસને વેગ આપતો એક સફળ પ્રયાસ

ગાંધીનગર, તા.૨૮

પેથાપુરના કોર્પોરેટર અનિલસિંહ વાઘેલા અને દિપ્તીબેન પટેલ, પારૂલબેન ઠાકોર તેમજ વોર્ડ નં.૨ ના પ્રમુખ જયદીપસિંહ વાઘેલાના સતત અને અવિરત પ્રયત્નને અંતે તેઓ વિકાસની વણથંભી વણઝારને આકાર આપી રહ્યા છે. એમાંના એક પ્રયાસ કે જે સમગ્ર પેથાપુરથી ગાંધીનગરને જોડતો આરસીસી રોડ ની માંગ હતી. રોડ ની વિગત જણાવતા સેક્ટર-૨૮ અનાજના ગોડાઉનથી પોલિટેકનિક વાળો મેઈન રોડ બે વચ્ચે પહેલા કાચુ નાળિયું હતું આ રોડ બનવાથી ગાંધીનગર અને પેથાપુરના નાગરિકોની સુવિધામાં વધારો થયો છે. આ કામ માટે હંમેશા તત્પર રહેતા એવા વોર્ડ નંબર ૨ના તમામ કોર્પોરેટરો અને ભાજપ સંગઠન તેમજ રહીશો જેમાં મંગલમૂર્તિ એપાર્ટમેન્ટ, સિદ્ધિવિનાયક બંગ્લોઝ અને સિધ્ધરાજ ગ્રીન્સના જાગૃત નાગરિકોના તાલમેલથી આ કામ શક્ય અને સફળ બન્યું છે. જ્યાં ખાડા ટેકરા જોવા મળતા હતા ત્યાં હવે સપાટ રોડ બનતા જનતા માં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.



## શહેરમાં રખડતા ઢોરની સમસ્યા ગંભીર

### સેકટરોમાં તોફાને ચઢતા ઢોરના લીધે રહીશોમાં ભય વાહનોને નુકશાન : ફુટપાથ તેમજ સેકટરોની શેરીઓમાં રખડતા ઢોરથી માર્ગ સલામતી પણ જોખમમાં : રખડતા ઢોરની સલામતી પણ જોખમાઇ : સે-૧૬ માં એક ગાયનુ મોત અન્ય એકની હાલત ગંભીર

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગરને સ્માર્ટ બનાવવા માટે નતનવી વિકાસ યોજનાઓ હાથ ધરવામાં આવી છે. પરંતુ દાયકાઓ જુના અને જટીલ પ્રશ્નોના નિરાકરણ મામલે હજુ નગરની હાલત છેવાડાના ગામ જેવી છે.

શહેરમાં સાડા ચાર દાયકાના અંતે પણ રખડતા ઢોરની જટીલ સમસ્યાનો ઉકેલ આવ્યો નથી ત્યારે રખડતા ઢોરના લીધે સેકટરવાસીઓની સલામતી પણ જોખમમાં મુકાય છે જયારે માર્ગ સલામતી સામે પણ અનેક સવાલો મંડરાય છે. શહેરના સેકટરોની શેરીઓ અને ફુટપાથ પર રખડતા ઢોરનો અડ્ડો જોવા મળી રહ્યો છે. કોર્પોરેશન કક્ષાએથી સમયાંતરે ઢોર પકડવાની ઝુંબેશ હાથ ધરવામાં આવે છે પરંતુ આ સમસ્યાનુ હજુ કાયમી નિરાકરણ આવ્યુ નથી ત્યારે આમ નાગરિકોની સાથે રખડતા સમાન છે કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ પણ વર્ષનો અંતે રખડતા ઢોરની સમસ્યાનો કાયમી નિકાલ આવ્યો નથી. જો કે કોર્પોરેશન કક્ષાએથી સમયાંતરે ઢોર પકડવાની ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. જેના પરિણામે સેકટરોમાં રખડતા ઢોરની સંખ્યામાં ઘટાડો થયો હોવાનુ પણ સ્થાનિકો જણાંવી વિસ્તારમાં રખડતી નીલગાય પણ ગમે ત્યારે માર્ગ વચાળે દોડી આવે છે જેના લીધે પૈડા પરની જિન્દગી સામે મોટો ખતરો મંડરાયો છે. આ મામલે પણ સ્થાનિકોએ અનેકવાર વનતંત્ર સમક્ષ નીલગાયને પકડવા માટે પ્રબળ રજુઆત પણ કરી છે. શહેરમાં રખડતી ગાયો ઉપરાંત અંદાજિત ૫૦૦ જેટલી નીલગાય છે. જયારે વન આરક્ષિત વિસ્તારમાં પણ હવે મોટાભાગના ઠેકાણે ફેન્સીંગ પણ તુટેલી હાલતમાં જોવા મળતા રખડતા ઢોર માટે અડ્ડો બની ગયો છે. શહેરમાં રખડતા ઢોરની સમસ્યાને ડામવા માટે છેલ્લા ચાર દાયકાથી રજુઆતો થતી રહે છે. પરંતુ હજુ સુધી આ જટીલ સમસ્યાનુ કાયમી નિરાકરણ આવ્યુ નથી. જેના લીધે શહેરના જાહેર સ્થળો પર પણ નાસભાગ મચી જવા પામે છે.

સેકટરોની શેરીઓમાં રખડતા ઢોર તોફાને ચઢતા મહીલાઓ અને બાળકોમાં પણ ભય પ્રવર્તે છે. કોર્પોરેશન કક્ષાએથી રખડતા ઢોરને પકડવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. પરંતુ હજુ પણ આ સમસ્યાના કાયમી ઉકેલ માટે અસરકારક આયોજન હાથ ન ધરાતા સેકટરવાસીઓમાં રોષ પ્રવર્તયો છે. જયારે બીજીતરફ સેકટરોમાં રખડતા ઢોરની સલામતી સામે પણ પ્રશ્ન મંડરાયો છ



● અનુસંધાન પાન-૭ પર

## શૂટિંગ કોચ અને ચિત્રકાર અમિતસિંહ મસાણીને રાષ્ટ્ર પ્રેરણા એવોર્ડ




ગાંધીનગર, તા.૨૮

ન્યુ ગાંધીનગરના પીડીઈયુ રોડ સ્થિત કર્મવીર એજ્યુકેશન એન્ડ સ્પોર્ટ્સ ફેડરેશનની રાયફલ શૂટિંગ એકેડેમી ખાતે શૂટિંગ કોચ તરીકે ફરજ બજાવતા અમિતસિંહ મસાણીને ગઈકાલે ઈન્દોર ખાતે 'રાષ્ટ્ર પ્રેરણા એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. મધ્યપ્રદેશના ઈન્દોર ખાતે ભારતની વૈકલ્પિક ચિકિત્સા પદ્ધતિ વિકાસ સંસ્થા તેમજ વર્લ્ડ બુક ઓફ સ્ટાર એવોર્ડના સંયુક્ત ઉપક્રમે ઈન્દોરના વિજયનગર વિસ્તારમાં હોટેલ મેરિયટ ખાતે આયોજિત 'વિશ્વ ગુરુ ભારત નેશનલ કોન્ફરન્સ-૨૦૨૨' દરમિયાન તેમને આ સન્માન એનાયત કરવામાં આવ્યુ હતું. અત્રે ઉલ્લેખનીય છે કે આ કોન્ફરન્સમાં કુલ મળીને સાડા સાત હજારથી વધુ પાર્ટિસિપેન્ટ હતા પરંતુ તે પૈકી માત્ર ૧૧૦ ઉમેદવારોની વિવિધ કેટેગરીમાં એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી હતી જે અંતર્ગત અમિતસિંહ મસાણીને કલા ક્ષેત્રે તેમના યોગદાન બદલ સન્માનિત કરવામાં આવ્યાં હતાં. અત્રે ઉલ્લેખનીય છે કે અમિતસિંહ મસાણી શુટીંગ કોચ હોવા સાથે સાથે ખૂબ સારા ચિત્રકાર છે અને તેમણે આ રાષ્ટ્ર ભાવનાને જાગૃત કરતા અસંખ્ય ચિત્રો દોર્યાં છે.

## નિવૃત્તિ બાદ એક ડૉક્ટર બન્યા એક્ટર

### ''હેલ્લો જિંદગી''માં પ્રિન્સિપાલ તરીકેનો રોલ કરી ચૂકેલા પ્રશાંત પંચલૌથિયાએ વેટનરી તબીબ તરીકે ૩૦ વર્ષ અબોલ જીવોની ખૂબ સેવા કરી

ગાંધીનગર, તા. ૨૮

અબોલ જીવોની ૩૦ વર્ષ સુધી સેવા કર્યા પછી મને એવું લાગ્યું કે સામાજિક જીવનની કેટલીક વાતો એવી છે જે દશ્ય દ્વારા ઉકેલી શકાય છે. જીવનમાં ઘણીબધી વણકથી વાતોએ જીંદગીને ક્યારેક હાસ્યાપદ બનાવે છે ક્યારેક નિરાશ બનાવે છે તો ક્યારેક મુંજારો પણ બની જાય છે આવી જ કેટલીક વાતો 'હેલ્લો જિંદગી''માં એક નાનકડી ભૂમિકા પ્રિન્સિપાલ તરીકે કરેલી છે પ્રશાંત પંચલૌથિયાએ.

વ્યવસાયમાં વેટરનરી તબીબ હોવા છતાં એમનામાં રહેલી દયાભાવના એ પણ બહુ વિશાળ છે. આમ તો નિવૃત્તિ પછી સામાજિક જવાબદારીઓ જ અદા કરવાની હોય છે પણ સામાજિક જવાબદારીઓ અદા કરતા કરતા આ પંચલૌથિયા પરિવારે કલાને પણ અનોખી રીતે પોંખી છે. પ્રશાંત પંચલૌથિયાએ નિવૃત્તિ પછી શોર્ટ ફિલ્મ અને બિગ સ્ક્રીનની ફિલ્મોમાં કામ કરવાનું પસંદ કર્યું છે. તો તેમના ધર્મ પત્ની નિવૃત્ત ઈજનેરે પણ કોરોનાકાળમાં કથક શીખી અને તેના ક્લાસ શરૂ કર્યા. જયપુર ઘરાનામાં કથક શીખેલા ઈલાબેનને આમ તો શોખ સંગીતનો જ હતો પરંતુ તેમને ક્યારેક તબલા શીખવાનો પ્રયત્ન કર્યો તો ક્યારેક હારમોનિયમ અને શીખી ગયા નૃત્ય. ૫૦ની ઉંમરથી તેમણે કથક શરૂ કર્યું. હાલમાં તેઓ ઓનલાઈન કથકના વર્ગ થકી ગાંધીનગર ઉપરાંત મુંબઈ અને અન્ય દૂર દૂરના લોકોને કથક શીખવે છે. તેમના બે સંતાન પણ છે જેમાનો એક દિકરો ઓસ્ટ્રેલિયા અને એક દિકરી અમેરિકામાં જોબ કરે છે. પ્રશાંતભાઈએ મનથી વિચારી લીધું હતું કે બસ હવે નોકરીમાંથી નિવૃત્તિ લઈ લેવી જોઈએ અને પશુ દવાખાનું ખોલવાની ઈચ્છાથી ૫ વર્ષ પહેલાં જ નિવૃત્ત થઈને પોતાની ગમતી પ્રવૃત્તિ કરવાનું વિચાર્યું. એવામાં તેઓ અનશુમન શાસ્ત્રીને મળ્યા જેઓ એક્ટિંગક્ષેત્રે ખૂબ જાણીતા કલાકાર છે. એક્ટિંગના વર્કશોપમાં તેઓ પ્રશાંતભાઈને લઈ ગયા ત્યારથી પ્રશાંતભાઈને એક્ટિંગનો કીડો જાગ્યો. જો કે નાના હતા ત્યારથી જ અભિનયમાં ખૂબ રસ ધરાવતા જ હતા અને આ તો એમનું મન પસંદ કાર્ય હતુ તેથી તેમણે અનુશુમન શાસ્ત્રીના માર્ગદર્શન હેઠળ એક્ટિંગ ક્ષેત્રે કામ કર્યું જેમાં શોર્ટ ફિલ્મ અને બિગ સ્ક્રીનની ફિલ્મો એમ મળીને ૨૦ જેટલી ફિલ્મો કરી છે. જેમાં મેડ ઈન ચાઈના, ધ ગ્રીન ફોર્સ, ટ્રીબ્યુટ ટુ અરૂણ જેટલી, જલ અપરિગૃહ, પીએમ નરેન્દ્ર મોદી જેવી ફિલ્મમાં રોલ કર્યો છે. જજ તરીકેનો રોલ, પિતા તરીકેનો રોલ, સાધુ તરીકેનો રોલ, પ્રિન્સિપાલ તરીકેનો રોલ કર્યો છે. ચાર એડમાં રોલ કર્યો છે. તેમની એક શોર્ટ ફિલ્મ જલ અપરિગૃહને તો એવોર્ડ પણ મળ્યો હતો જે ધ્રુમીલ ચૌહાણ દ્વારા બનાવવામાં આવી હતી. આમ, ઘણી સારી ફિલ્મોમાં રોલ કરી ચૂકેલા પ્રશાંત પંચલૌથિયા ડૉક્ટરમાંથી એક્ટર તરીકે પણ સફળતાપૂર્વક આગળ વધ્યા. વેટરનરી ડૉક્ટર તરીકે તેઓ ખૂબ જ સફળ ડૉક્ટર રહ્યા છે જેમના યુટ્યુબમાં ઘણા બધા વિડિયો છે અને સબસ્ક્રાઈબર્સ પણ અઢળક છે. પ્રાણીઓ વિશે હંમેશા તેઓ યુટ્યુબમાં લોકોને માર્ગદર્શન આપતા રહે છે લોકો પણ તેમની સલાહ લેવા માટે હંમેશા તેમનો સંપર્ક કરે છે. બંને દંપત્તિને ટ્રાવેલિંગનો ખૂબ શોખ છે. જેમાં જે તે સ્થળના ટ્રાવેલીંગના વિડિયો બનાવીને યુટ્યુબ પર પણ મુકે છે. જેમાં તમામ માહિતી આપીને ખૂબ સુંદર ટ્રાવેલિંગના વિડિયો બનાવે છે. તેઓ યુવાવર્ગને ખાસ સંદેશો આપતા કહે છે કે તમે કોઈ પણ વાતથી ડરશો નહિ, અટકશો નહી દરેક કામ શક્ય જ છે અને દરેક ચેલેન્જનો જવાબ છે. હિમ્મતથી આગળ વધો મંજીલ તમને જરૂર મળશે. તબીબી ક્ષેત્ર સાથે અભિનય, નૃત્ય, સંગીત બધુ જ થઈ શકે છે જરૂર છે એક દૃઢ વિચારની.

